**<u>સુરત મહાનગરપાલિકા</u>**

**<u>નગર રચના યોજના નં.૩૦ (રાંદેર )નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત</u>**

**<u>અધિસૂચન</u>**

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (ડ્રાફ્ટ સ્કીમ) સ્કીમનો મુસદ્દો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ,૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | મોજે પીસાદનો સીમાડો |
| દક્ષિણે | : | સુચિત ટી.પી.સ્કીમ નં.૨૯(રાંદેર) |
| પુર્વે | : | તાપી નદી તથા રાંદેર ગામતળ |
| પશ્ચિમે | : | મોજે જહાંગીરાબાદનો સીમડો |

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્ય પત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધિ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતાં કોઈપણ શખ્સ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

( એસ. જગદીશન ) 6/5/98
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તારીખ : - -૧૯૯૮

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૪-૪-૯૮ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

**************

ડાયરેક્ટર ઓફ પ્લાનીંગશ્રીના તા. ૧૮-૧૨-૯૭ના પત્ર નં. સીમીસ/૮/૨૬ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ તેમજ આ સમિતિના ઠરાવ નં. ૭/૯૮ અનુસાર તા.૨૬-૩-૯૮ના રોજ જગ્યા જોયા બાદ, સમિતિની સભામાં હાજર રહેલા ડાયરેક્ટર ઓફ પ્લાનીંગશ્રી અને ઈ.ચા. ટાઉન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કર્યા બાદ, નગર રચના યોજના નં.૩૦ (રાંદેર) મુસદારૂપ નગર રચના તૈયાર કરવા નીચે જણાવેલ સુધારઓ સાથે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અને તેના નિયમો ૧૯૭૯ની જોગવાઈઓ મુજબ આ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાની મંજુરી આપવાનું તથા સરકારશ્રીમાં જરૂરી પત્ર વ્યવહાર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

:::::::સુધારા ઓ:::::

૧. ફાયનલ પ્લોટ નં. ૫૦ની દક્ષિણે મુકવામાં આવેલ " પબ્લીક યુટીલીટી"ના હેતુ માટેનું આર-૨૨ થી મુકવામાં આવેલ રીઝર્વેશન, રે.સ.નં. ૫૧ના મંજુર થયેલ પ્લાનો વિ. ધ્યાને લેતા રસ્તાને અડીને ૪૬ મી. x ૨૭ મી.નું રીઝર્વેશન દક્ષિણ પશ્ચિમ છેડે સ્થિત કરવું. આ ફેરફારથી અસર પામતા ફા.પ્લોટનાં ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.

(૨)

૨. ફા. પ્લોટ નં. ૯૨-એ અને ૧૦ ની વચ્ચેથી પસાર થતો ૪૫.૭૨ મી.નો રસ્તો, ફા. પ્લોટ નં.૯૨/એ તથા ૯/એ માં આવેલ હયાત બાંધકામને અસર કરતો હોવાથી આ સાથે સામેલ સ્કેચમાં દર્શાવ્યા મુજબ સ્થિત કરવો. આ ફેરફારથી અસર પામતા ફા.પ્લોટના ક્ષેત્રફળમાં આનુસાંગિક ફેરફાર કરવો.

<u>ઠરાવ નં. ૨૩/૯૮ સર્વાનુમતે મંજુર.</u>

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૩-૪-૯૮.

MC/SMG

વાદિમપ-

15 APR 1998

ઠરાવ રજીસ્ટર ૧૯૯૮/૯૯ ખાના નં.......
માં ........ નં. ....... થી નોંધ કરી.
નોંધણી કલાર્ક.